પાના ૮ | કિંમત રૂ.૧ | email : gujarati@westerntimes.co.in | www.westerntimes.co.in

★ અમદાવાદ આવૃત્તિ (સાંધ્ય દૈનિક) ★ અમદાવાદ, ગાંધીનગર તથા અંગ્રેજી (અમદાવાદ) આવૃત્તિ સહિત પ્રગટ થતું દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રીઃ સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ
WESTERN TIMES (AHMEDABAD)
ગુજરાતી ડેઈલી

બુધવાર, તા.૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૯
18/9/2019 * VOL : 38 * N0. 6 સંવત- ૨૦૭૫, ભાદરવા વદ-૪

RNI Reg. No. GUJ/46323/86.
Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2020
Posting at RMS Ahmedabad

**આજનો સુવિચાર**

ગુસ્સો કર્યા પછી પણ એકબીજાની ચિંતા કરવી એ જ સાચા સંબંધની નિશાની છે...

Printed & Published by **Nikunj Ramubhai Patel** on behalf of **Western Times Publications Pvt. Ltd.** Printed at **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj-Thol Road, Shilaj, Ahmedabad (Gujarat) and **Published at** Western Times Pub. Pvt. Ltd. 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat). **Editor :** Nikunj R. Patel **ફોન :** ०७૯-૨૬૪૦ ૨૮૮૦, **જાહેરાત :** ०७૯-૨૬૪૦ ૨૮૮૧ **ફેક્સ :** ०७૯-૨૬૪૦૨૮૮૨

### ૧૫ વર્ષ પહેલા ભરતી કરવામાં આવેલ ફાયર વોલીયન્ટર્સ ને દૈનિક રૂ. ૩૫૦- પોલીયો વોલીયન્ટર્સને દૈનિક રૂ. ૭૫ ની સામે મેલેરિયા વોલીયન્ટર્સ ને રૂ. ૫૦૦ ચુકવાય છે

# મેલેરિયા વોલીયન્ટર્સ ભરતી: મહાકૌભાંડ

**(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ,** સ્માર્ટસીટી અમદાવાદમાં મચ્છરજન્ય રોગચાળો વકરી રહયો છે. ચોમાસાની સીઝન દરમ્યાન સમયસર ફોગીંગ આઈ.આર. સ્પ્રે તથા જરૂરી મેલેરિયા વર્કરોની ભરતી ન થવાનાકારણે મચ્છરોનો ઉપદ્રવ વધી રહયો છે. મ્યુનિ. કમીશ્નર અને શાસકપક્ષ અગમ્ય કારણોસર મેલેરિયા વિભાગ સામે આંખ આડા કાન કરતા રહયા હતા.

જયારે ડેન્ગ્યુ અને ચીકનગુનીયાના કેસ મોટી સંખ્યામાં બહાર આવ્યા ત્યારે મનપાના મહાનુભાવો સફાળા જાગૃત થયા છે. તથા રોગચાળા ને પણ ઉત્સવો માં ફેરવી પ્રજાના રૂપિયાનો ધુમાડો કર્યા છે. મ્યુનિ. કમીશ્નરે મચ્છરોના બ્રીડીંગ રોકવા માટે એક સાથે હજાર વોલીયન્ટર્સ ની હંગામી ધોરણે ભરતી કરી છે. આ વોલીયન્ટર્સ ને માત્ર ત્રણ-ચાર કલાકના કામ માટે તગડી રકમ ચુકવવામાં આવી રહી છે.

તજજ્ઞો મેલેરિયા વોલીયન્ટર્સ ની ભરતી ને ફાયર વોલીયન્ટર્સ સાથે પણ સરખાવી રહયા છે. ફરક માત્ર એટલો જ છે કે ૧૫ વર્ષ બાદ પણ ફાયર વોલીયન્ટર્સનું આર્થિક શોષણ થઈ રહયું છે. જયારે મેલેરિયા વોલીયન્ટર્સ ના કેસમાં પ્રજાના રૂપિયાનો ધુમાડો કરી રોગચાળો નિયંત્રણમાં લેવાના પ્રયાસ થઈ રહયા છે.

મ્યુનિ. કોર્પોરેશનમાં ચોમાસાની સીઝન શરૂ થાય તે પહેલા કેટલીક ખાસ પરંપરાઓને પૂર્ણ કરવામાં આવે છે. જેમાં પ્રિ-મોન્સુન એકશન પ્લાન છે. જેમાં તમામને લાભ થતો હોવાથી એકશન પ્લાનની પરંપરામાં કયારેય કાપકુપ થતી નથી. બીજી હેલ્થ પરંપરામાં રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે જરૂરી દવા, ઓઈલની ખરીદી કરવી તથા હંગામી ધોરણે મેલેરિયા વર્કરોની ભરતી કરવાની છે.

ચોમાસાની સીઝન શરૂ થઈ તે પહેલા જ મેલેરિયા ખાતાએ ૩૫૦ મેલેરીયા વર્કર દૈનિક રૂ.૩૧૦ ના પગારથી હંગામી ધોરણે લેવા માટે દરખાસ્ત રજુ કરી હતી. જેમાં અભ્યાસ ના નામે બે વખત કોઈ જ નિર્ણય કરવામાં આવ્યો ન હતો. ત્યારબાદ ૩૫૦ મજુરોમાં ઘટાડો કરી ૨૦૦ મજુરો લેવા માટે શાસકોએ લીલી ઝંડી આપી હતી તથા પ્રજાના આરોગ્યના ભોગે મ્યુનિ.તિજોરી પરનું ભારણ ઘટાડયું હોવાનો સંતોષ લીધો હતો.

તેવી જ રીતે આઈ.આર. સ્પ્રેના મામલે પણ સ્ટેન્ડીંગ કમીટીએ નિર્ણય લેવામાં અસહ્ય વિલંબ કર્યો હતો જો કે તેમાંમનપાને આર્થિક ફાયદો થયો છે. જયારે મેલેરિયા વર્કસની ભરતીમાં મ્યુનિ. તિજોરી અને નાગરીકો ના સ્વાસ્થ્યને ખૂબ જ નુકશાન થયું હોવાના ખુલ્લેઆમ આક્ષેપ થઈ રહયા છે !

મ્યુનિ. કમીશ્નરે મચ્છરજન્ય રોગચાળા ને નિયંત્રણમાં લેવા તથા ડોર ટુ ડોર સર્વેની કામગીરી વધુ સઘન કરવાના આશયથી એક હજાર વોલીયન્ટર્સની હંગામી ધોરણે ભરતી કરી છે.

વોલીયન્ટર્સ ને દૈનિક ૫૦ મીલ્કતોના સર્વેનો ટાર્ગેટ સોપવામાં આવ્યો છે. જેની સામે દૈનિક રૂ.૫૦૦ આપવામાં આવશે.સુત્રોનું માનીએ તો ૫૦ ઘરો ના સર્વે માટે વધુમાં વધુ ત્રણથી ચાર કલાકનો સમય લાગે છે.

સર્વે પુરો થયા બાદ વોલીયન્ટર્સ ને અન્ય કોઈ કામગીરી કરવાની રહેતી નથી. મેલેરિયા ખાતામાં દર વર્ષે આ જ પધ્ધતિથી ૩૦૦ થી ૩૫૦ મેલેરિયા વર્કર લેવામાં આવે છે. જેમને શીફટદીઠ (આઠ કલાક) રૂ.૩૧૦ ચુકવવામાં આવે છે. જયારે વોલીયન્ટર્સ ને ચાર કલાક ના કામ માટે રૂ.૫૦૦ ચુકવાય છે. નોધનીય બાબત એ છે કે મેલેરિયા વર્કર રોડ પર દવા છંટકાવ જેવા પણ કામ કરે છે.

જયારે વોલીયન્ટર્સને આ પ્રકારના કામ સોપવામાં આવતા નથી. મ્યુનિ. ફાયર વિભાગમાં ૧૫ વર્ષ પહેલા આ જ પધ્ધતિ થી વોલીયન્ટર્સ ની ભરતી કરવામાં આવી હતી. જેમનું ૧૨ કલાકની કામગીરી પેટે દૈનિક રૂ.૩૫૦ ચુકવાય છે. જયારે સૌથી દયનીય હાલત પોલીયો વર્કરોની છે. પોલીયો ઝુંબેશમાં કામ કરનાર વર્કરોને દૈનિક ધોરણે માત્ર રૂ.૭૫ આપવામાં આવે છે. ગત વર્ષે સુધી તેમને માત્ર રૂ.૫૦ જ આપવામાં આવતા હતા. તેમજ પોલિયો ટ્રેનીંગ દરમ્યાન વોલીયન્ટર્સને માત્ર રૂ.દસ જ આપવામાં આવે છે.

આ રકમથી બસ ભાડા કરતા પણ ઓછી છે. જયારે મેલેરિયા વોલીયન્ટર્સ ને ચાર કલાકના કામ બદલ રૂ.૫૦૦ આપવામાં આવે છે. જે બાબતે અનેક શંકા-કુશંકાઓ થાય તે બાબત સ્વાભાવિક છે. ઉલ્લેખનીય બાબત એ છે કે મેલેરિયા વોલીયન્ટર્સ માટે કોઈ ઈન્ટરવ્યુ પ્રથાનો અમલ થયો નથી. તથા ભરતી કર્યા બાદ પધ્ધતિસરની તાલીમ આપવામાં આવી નથી.

તેથી અગાઉથી નિશ્ચિત થયેલ ભાણીયા-ભત્રીજાઓનો "મેમો" ખર્ચ નીકળે તે માટે આ પ્રકારના કામ માટે લેવામાં આવ્યા હોય તથા સમયાંતરે વિવિધ પ્રકારના કામ સોપી "હંગામી ધોરણે કાયમી" કરવામાં આવે તેવી ચર્ચા પણ ચાલી રહી છે.

મ્યુનિ. કોર્પોરેશનના આતરિક સુત્રોનું માનીએ તો એક હજાર વોલીયન્ટર્સ દૈનિક ૫૦ ઘરના સર્વે કરે તો રોજ ૫૦ હજાર ઘરમાં મચ્છર નિયંત્રણની કામગીરી થાય. પરંતુ ૬ સપ્ટે થી ૧૫ સપ્ટે સુધીના સમયગાળામાં દૈનિક ૩૦ હજાર મકાનોમાં દૈનિક ૩૦ હજાર મકાનોમાં સર્વેની કામગીરી થઈ છે. મતલબ કે, ૫૦ ઘરના ટાર્ગેટ પૂર્ણ થયા નથી. ૫ સપ્ટે ના દિવસ ભરતી થયેલ વોલીયન્ટર્સને ૬ સપ્ટેમ્બરથી જ ફીલ્ડમાં મોકલવામાં આવ્યા છે. તેથી કામગીરીનું સ્તર કેવું હશે તે બાબત સમજી શકાય તેમ છે.

તેમ છતાં મ્યુનિ. વહીવટીતંત્ર ના વડા આ બાબતને પણ "અનોખી સિધ્ધિ" માની રહયા છે. જયારે મેલેરિયા વર્કરોની સંખ્યામાં ઘટાડો કરીને રૂપિયા બચાવ્યા નો હરખ કરતા શાસકોની સ્થિતિ ન કહેવાય ન સહેવાય" તેવી હોઈ શકે છે! તેમ સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.



કેન્દ્રસરકારેબનાવેલાટ્રાફિકના નવા નિયમોનો અમલ રાજયમાં શરૂકરવામાં આવ્યો છે જોકે રાજય સરકારે દંડની રકમમાં ઘટાડો કરી દીધો છે તેમ છતાં હવે રાજયમાં ભારે રોષ જોવા મળી રહયો છે વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા અમદાવાદ સહિત ઠેરઠેર વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહયા છે.( તસ્વીરઃ- જયેશ મોદી )

# આયોજનના અભાવ વચ્ચે ટ્રાફિક નિયમના અમલથી નાગરિકોમાં રોષ

**(પ્રતિનિધિ) અમદાવાદ,** અમદાવાદ સહિત રાજયભરમાં ટ્રાફિકના નવા નિયમોનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે પરંતુ કોઈપણ જાતના આયોજન વગર ટ્રાફિકના નિયમોનો અમલ શરૂ કરવામાં આવતા અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે ખાસ કરીને ગરીબ અને મધ્યમવર્ગના વાહન ચાલકો વર્તમાન બેકારી અને મંદીના સમયમાં નોકરીમાંથી રજા પાડી કલાકો સુધી લાઈનોમાં ઉભા રહેતા જોવા મળી રહયા છે જેના પરિણામે હવે લોકોમાં રોષ જોવા મળી રહયો છે.

આ અંગેની વિગત એવી છે કે અમદાવાદ શહેરમાં ટ્રાફિકના નવા નિયમોનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે જોકે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેન્દ્ર સરકારે સુચવેલી દંડની રકમમાં કાપ મુકી આ નવા નિયમોનો અમલ શરૂ કરાવ્યો છે પરંતુ આ નિયમોનો અમલ કરવામાં ઉતાવળ કરવામાં આવી હોવાનું નાગરિકો માની રહયા છે. અમદાવાદ શહેરમાં ઠેરઠેર રસ્તાઓ તૂટી ગયા છે અને આ અંગે ભારે ઉહાપોહ મચેલો છે ત્યારે કોર્પોરેશન તંત્ર રસ્તા પર થીંગડા મારવામાં વ્યસ્ત જોવા મળી રહયું છે. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા નાના વહેપારીઓના ઓટલાઓ તોડી રસ્તા પહોળા કરાયા હોવાનો દાવો કરી રહયા છે પરંતુ મોટા શોપીંગ સેન્ટરમાં પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવામાં આવતી નથી.

જેના પરિણામે વાહન ચાલકો જાહેર રોડ પર જ વાહનો પાર્ક કરવા માટે મજબુર બની રહયા છે અને તેઓની પાસેથી દંડ વસુલ કરવામાં આવી રહયો છે માલેતુજારો સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી અને બિચારા નાના અને મધ્યમવર્ગના વાહન ચાલકો પાસેથી દંડ વસુલ કરવામાં આવી રહયો છે.

**હેલ્મેટના ખુલ્લેઆમ કાળાબજાર : બેકારી અને મોંઘવારીના કપરા સમયમાં નાગરિકો પીયુસીનું સર્ટિફિકેટ મેળવવા રઝળપાટ કરી રહયા છે**

ટ્રાફિકના નવા નિયમોનો અમલ શરૂ થતાં જ ઠેરઠેર હેલ્મેટની દુકાનો પણ શરૂ થઈ ગઈ છે અને આ લોકો દ્વિચક્રીય વાહન ચાલકોની મજબુરીનો ગેરલાભ ઉઠાવી જે હેલ્મેટ ૩૦૦ રૂ.માં મળી રહયું હતું તે હેલ્મેટના રૂ.૧૨૦૦ થી ૧૫૦૦ વસુલ કરી રહયા છે આવા વહેપારીઓ પર સરકાર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી અને તેનો ભોગ સામાન્ય નાગરિકો બની રહયા છે.

આ ઉપરાંત પીયુસી સર્ટિફિકેટ માટે રાજય સરકારે છુટછાટ આપી છે પરંતુ આ સર્ટિફિકેટ મેળવવા માટે હાલમાં અમદાવાદ શહેરમાં ઠેરઠેર વાહન ચાલકોની લાંબી કતારો જોવા મળી રહી છે. વર્તમાન મોંઘવારી અને બેરોજગારીની સ્થિતિમાં મધ્યમવર્ગનો વાહનચાલક મુશ્કેલીમાં મુકાઈ ગયો છે અને નોકરીમાંથી રજા પાડી પીયુસીનું સર્ટિફિકેટ મેળવવા માટે લાઈનમાં ઉભેલો જોવા મળી રહયો છે આવા નાગરિકો સરકાર સામે રોષ વ્યકત કરી રહયા છે રાજયભરમાંથી વિરોધ વ્યકત થઈ રહયો છે પરંતુ સરકાર હજુ સુધી આ અંગેનુ માળખુ ઉભી કરી શકી નથી તેવો આક્ષેપ કરવામાં આવી રહયો છે.

અમદાવાદ શહેરમાં હેલ્મેટના કાળાબજાર તથા પીયુસી સર્ટિફીકેટ માટે વાહનચાલકો અહી તહી ભટકતા જોવા મળી રહયા છે પાર્કિંગની જગ્યાના અભાવે વાહન ચાલકો દંડાઈ રહયા છે ત્યારે રાજય સરકારે આ અંગે ચોક્કસ પગલાં ભરવા જોઈએ તેવી લાગણી ઉઠવા પામી છે. અમદાવાદ શહેરમાં ઠેરઠેર ચેકિંગ શરૂ કરવામાં આવ્યુ છે પરંતુ દ્વિચક્રીય વાહન ચાલકો સામે થઈ રહેલી કાર્યવાહીથી હવે રોષ જોવા મળી રહયો છે.

આજે સવારથી જ અમદાવાદ શહેરમાં પણ કોંગ્રેસ દ્વારા આ નિયમોના વિરોધમાં કાર્યક્રમો યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે. શહેરના હાટકેશ્વર તથા અમરાઈવાડી વિસ્તારમાં કોગ્રેસના આગેવાનો દ્વારા સહી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે જેમાં અનેક નાગરિકોએ સહી કરીને પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો છે.

### પોલીસ અધિકારીઓએ આપઘાતની કારણ જાણવા પરિવારજનોની શરૂ કરેલી પુછપરછઃ રામોલમાં યુવકે ઝેર પીધું

# નિકોલમાં ૧૪ વર્ષની કિશોરીની આત્મહત્યા

**(પ્રતિનિધિ) અમદાવાદ,** અમદાવાદ શહેરમાં આત્મહત્યાની વધતી જતી ઘટનાઓ વચ્ચે શહેરના નિકોલ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના ઘટી છે જેમાં ૧૪ વર્ષની કિશોરીએ પોતાના ઘરમાં જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પોલીસ અધિકારીઓ ચોંકી ઉઠયા છે અને પરિવારજનો ખૂબ જ વ્યથિત બની ગયા છે ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્થળ પર પહોચી ગયા હતા અને આત્મહત્યાનું કારણ જાણવા પરિવારજનોની પુછપરછ શરૂ કરી છે આ ઘટનાથી સ્થાનિક નાગરિકોમાં દુઃખની લાગણી પ્રસરી ગઈ છે.

આ અંગેની વિગત એવી છે કે અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી આત્મહત્યાની ઘટનાઓનો સિલસિલો શરૂ થયો છે શહેરના સાબરમતી રિવરફ્રંટ પર આત્મહત્યાની ઘટનાઓ અટકાવવા તરવૈયાઓની ટુકડીઓ તથા ફાયરબ્રિગેડ અને સ્થાનિક પોલીસ સતત તૈનાત હોય છે જેના પરિણામે રિવરફ્રંટ પરથી નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરવાની ઘટનાઓ અંકુશમાં આવી છે પરંતુ છેલ્લા કેટલાક દિવસથી ઘરમાં જ આત્મહત્યા કરતી વ્યક્તિઓની યાદી લાંબી બની ગઈ છે આ તમામ પરિસ્થિતિ વચ્ચે શહેરના નિકોલ વિસ્તારમાં વીઆઈપી સ્કુલની પાછળ આવેલ સરિતા રેસીડેન્સીમાં રહેતા અશ્વિનભાઈ પટેલની ૧૪ વર્ષની પુત્રી સૃષ્ટિએ તા.૧૬મીના રોજ પોતાના ઘરમાં જ ગળેફાંસો ખાઈ લીધો હતો વાલસોયી પુત્રીનો મૃતદેહ લટકતી હાલતમાં જોઈ પરિવારજનો ખૂબ જ વ્યથિત બની ગયા હતા અને બુમાબુમ કરતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા આ ચોંકાવનારી ઘટના અંગે નિકોલ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ તાત્કાલિક સ્થળ પર આવી પહોંચી હતી અને સૃષ્ટિના મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

આ ચોંકાવનારી ઘટનાની તપાસ નિકોલ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર એ.જે. પરમારને સોંપવામાં આવી છે ૧૪ વર્ષની કિશોરીની આત્મહત્યાથી પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠયા છે અને આત્મહત્યાનું કારણ જાણવા પરિવારજનોની પુછપરછ શરૂ કરી છે જોકે હજુ સુધી સાચુ કારણ જાણવા મળ્યુ નથી. આ ઘટનાથી સ્થાનિક નાગરિકોમાં પણ દુઃખની લાગણી પ્રસરી ગઈ છે. આત્મહત્યાની બીજી ઘટના રામોલ વિસ્તારમાં બની છે.

રામોલના વસ્ત્રાલ રોડ પર આવેલા અધ્યાય રેસીડેન્સીમાં રહેતા હરેશભાઈ ડેર નામના યુવકે પોતાના ઘરમાં જ ઝેરી દવા પી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પરિવારજનોને જાણ થતાં તેમને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ત્યાં તેમની હાલત વધુને વધુ કથળતી જતી હતી આખરે હોસ્પિટલમાં સારવાર દરમિયાન હરેશભાઈનું મૃત્યુ નીપજયું હતું આ અંગે રામોલ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પીએમ મોદીના જન્મદિને પ્રશંસકે હનુમાનને સોનાનો મુકુટ ચઢાવ્યો

**(એજન્સી) વારાણસી,** વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ૬૯ માં જન્મદિને મંગળવારે ગુજરાતની મુલાકાતે પહોંચ્યા હતા. પીએમ મોદીના જન્મદિનની ખુશાલીમાં તેમના સાંસદીય ક્ષેત્ર વારાણસીના એક પ્રશંસકે પોતાનો એક અનોખો સંકલ્પ પૂરો કર્યો હતો. પીએમ મોદીના આ પ્રશંસકે બનારસના સંકટમોચન મંદિરમાં ભગવાન હનુમાનને સવા કિલોનો સોનાનો મુકુટ અર્પણ કર્યો હતો. વાસ્તવમાં અરવિંદસિંહ પીએમ મોદીના પ્રશંસક છે. અરવિંદસિંહે કહ્યુ હતુ કે 'લોકસભા ચૂંટણી અગાઉ મે સંકલ્પ લીધો હતો કે જો મોદીજી બીજી વખત સરકાર બનાવે તો ભગવાન હનુમાનને સવા કિલોનો સોનાનો મુકુટ ચઢાવીશ.





ધીકાટા મેટ્રો ટ્રેન અંગેનુ કામ ચાલી રહયુ છે આ જગ્યા ઉપર રજીસ્ટાર કચેરી, એક્ઝુકુટિવ મેજિસ્ટ્રેટ કોટે, તથા મેટ્રો કોટે આવેલી છે આ કચેરીમાં રોજ હજારો લોકો ની પોતાના કામકાજ હેઠળ અવરજવર હોય છે. ત્યારે સફાઈ અંગે કોઇ જ દરકાર લેવાતી નથી ઉપરાત કચરા તથા કાટમાળ ના ઢગલા છે ઠેરઠેર ગંદકી જોવા મળે છે. મેટ્રો પ્રોજેકટ હેઠળ આ જગ્યા આવતી હોઇ સાફસફાઈ કરવી કરાવવી તેમની સંપૂર્ણ જવાબ દારી હોઈ પણ તે જવાબદારીમા ચૂકી બેદરકારી રાખવામાં આવે છે માખી, મચ્છર જેવા જંતુઓ રોગચાળો ફેલાવી રહયા છે.

## બાપુનગરમાંથી પાંત્રીસ હજારથી વધુનો દારૂ ઝડપાયો

**એકની અટકઃ દારૂ પહોંચાડનાર ફરાર**

**(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ,** શહેર ક્રાઈમ બ્રાંચે બાપુનગરમાં દરોડો પાડીને કુખ્યાત બુટલેગરના ઘરમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઉપરાંત બુટલેગર પાસેથી ધારદાર છરો પણ જપ્ત કર્યો છે.

ક્રાઈમ બ્રાંચની એક ટીમ પેટ્રોલીંગમાં હતી એ સમયે તેમને બાપુનગર જનરલ હોસ્પીટલ સામે સંજયનગરના છાપરામાં રહેતા રૂકસાના બેગમ અહેમદબેગ મિર્ઝાના ઘરે વિદેશી દારૂ હોવાની બાતમી મળી હતી. જેના આધારે ગત સાંજે સાડા ચારના સુમારે દરોડો પાડતા ફુરકાનના ઘરમાં પલંગ નીચેથી ૩૫ હજારથી વધુનો ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ અંગે કડક પૂછપરછ કરતાં ફુરકાને આ જથ્થો અમરાઈવાડીમાં રહેતા મધુસુદન ઉર્ફે મધુ પાસેથી મેળવ્યો હોવાનું કબુલ્યુ હતુ.

ક્રાઈમ બ્રાંચે ફુરકાન વિરૂધ્ધ દારૂનો તથા તીક્ષ્ણ હથિયાર રાખવાના એમ બે ગુના નોંધાયા હતા.

Special Attractive Rate For DIWALI Festival
DUBAI WITH LAPITA RESORT
Dep: 17th to 21st Nov • Rs: 55,000/- PP
Honeymoon Packages Available
BALI • MAURITIUS • THAILAND
PARIVAR TRAVELS
F-15, સત્યમ સ્ટેટસ કોમ્પલેક્ષ, શરણમ-૭ પાસે, સેટેલાઈટ, અમદાવાદ
97277 37754, 98252 44608

H.K.TRAVELS
New Launched Luxury
ડેઈલી સર્વિસ
ઉપડવાનો સમય : બપોરે ૧.૩૦ વાગે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289

પથરીની સારવાર ઓપરેશન વગર
લીથોટ્રીપ્સી દ્વારા
સમગ્ર ગુજરાતમાં સૌથી ઓછા દરે
પારંગત-પારદર્શક-વિશ્વસનીય સારવાર
પરિમલ હોસ્પિટલ (Estd.-1982)
પુનીતમાર્ગ, ઝઘડીયા બ્રિજ પાસે, મણિનગર, અમદાવાદ-૮.
Ph: 65135008, 98240 19394

શ્રાધ્ધ પક્ષ નિમિત્તે સ્પે. બાસુદી
● ઓછી ખાંડના સ્પે. કેસર પેંડા ● સ્પે. કાજુદ્રાક્ષનો ફરાળી ચેવડો ● કાજુની અવનવી આઇટમો ● સાબુદાણાનો ચેવડો ● બટાકની વેફર્સ ● દાણાદાર બરફી ● કેળાની વેફર્સ ● દૂધનો હલવો ● કાજુ કતરી ● ડ્રાઇફ્રુટ બ્રાઈટસ ● રસગુલ્લા ● રસમલાઈ
૧૦૦% શુધ્ધ ઘીની મિઠાઇઓ
જયહિંદ TM સ્વીટ્સ
માણેકચોક, ફોનઃ- ૨૨૧૪૦૭૧૪
શિવાલીક પ્લાઝા, IIM રોડ, આંબાવાડી. ફોનઃ- ૨૬૩૦૯૩૯૩
સ્ટેડીયમરોડ, નવરંગપુરા, ફોનઃ- ૨૬૪૬૮૯૮૯
Baker's Den
પ્યોર વેજીટેરીયન કેક / પેસ્ટ્રી

નવરાત્રીના ગરબા "પિયાનો" ને સંગ
PIYANO® ULTIMATE SOUND
AN ISO 9001 Certified Co. Since 1948
પાવર એમ્પ્લીફાયર, ડીજીટલ ઇકો સિસ્ટમ, માઇક્રોફોન, પ્રોફેશનલ સ્પીકર, પોર્ટેબલ
આર.જે.વકીલ ની કું.
૨૬૭/૨, દેના બેંક સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન :- ૨૨૧૧૩૮૯૪

ગુજરાત ગર્વમેન્ટ માન્ય LTC પ્રવાસો
જીરાવાલા ટુરીઝમ®
PLANNING YOUR HOLIDAYS
સિમલા-મનાલી-ડેલહાઉસી
હરિદ્વાર-આગ્રા-મથુરા
ગોવા-મહાબળેશ્વર-લોનાવાલા
મ્હેસુર-બેગ્લોર-ઊટી-કો. કેનાલ
સપ્તઃજ્યોતિર્લીંગ-દ.ભારત-રામેશ્વર-કન્યાકુમારી-તિરૂપતિ
નેપાળ-કાઠમંડુ-પોખરા-બનારસ
જગન્નાથપુરી-ચંપારણ્ય-કોલકત્તા-ગંગાસાગર
BY AIR / RAIL / BUS / INDIVIDUAL PACKAGE
Kerala-Darjiling-Nainital
Jirawala® TOURISM
"હાઈટેક બિલ્ડીંગ", મ્યુઝીયમની સામે, દિવાન બલ્લુભાઈ સ્કુલની બાજુમાં, પાલડી, અમદાવાદ. (M) 9375777333, 94267 55909
નીકોલ (M) 9409625111, 9408777333, ગાંધીનગર (M) 9924020660

Kala Niketan (BOMBAYWALA)®
1944 TO 2019
PLATINUM JUBILEE SALE
'K.N. House' Nobles, Opp. Nehru Bridge, Ashram Road. Ahmedabad-9, Tel.079-26580050/51

